# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 14-06-2024 બપોરે : 2.30 થી 2.35pm

વાર : શુક્રવાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર સોનલ પરમાર વાંચે છે.

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## Binchepi Rogo

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા બિનચેપી રોગના નિવારણ સંદર્ભે N.C.D. કાર્યક્રમ સફળતાપૂર્વક ચલાવવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં સબ સેન્ટરથી લઇ સિવિલ હોસ્પિટલમાં દર શુક્રવારે વિનામૂલ્યે સ્ક્રીનિંગ કરવામાં આવે છે.

૩૦થી વધુની વયના કોઇપણ નાગરિક નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રમાં જઇને સંપૂર્ણપણે વિનામૂલ્યે પોતાનું હેલ્થ સ્ક્રીનિંગ કરાવી શકે છે.

જેમાં ડાયાબિટીસ, હાયપરટેન્શન , હૃદયરોગ, લકવો અને કેન્સરના રોગની તપાસ કરવામાં આવે છે.

આ તપાસમાં શંકાસ્પદ જણાઇ આવતા ડાયાબિટીસ અને હાયપરટેન્શનની બિમારી ધરાવતા દર્દીઓની તબીબી સલાહ મુજબ દવા શરૂ કરવામાં આવે છે. કેન્સર, હૃદયરોગ કે અન્ય બીમારીની ગંભીરતા જણાતા સરકારી હોસ્પિટલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના હેઠળ નિ:શુલ્ક સઘન સારવાર શરૂ કરવામાં આવે છે.

## Gandhinagar - Cholera

ગાંધીનગર શહેરના ગોકુલપુરા વિસ્તારમાં ઝાડા ઊલટીના 25 થી વધુ કેસો નોંધાયા છે. ત્યાં તાત્કાલિક ડોકટરોની ટીમ મોકલી ઓપીડી ચાલુ કરવામાં આવી . આ અંગે ગાંધીનગર મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ડો કલ્પેશ ગોસ્વામીએ વધુમાં જણાવ્યું ..

(બાઇટ . ડો કલ્પેશ ગોસ્વામી. આરોગ્ય અધિકારી )

## DANI LIMDA AAG

અમદાવાદના દાણીલીમડામાં કાપડના ગોડાઉનમાં આગને કાબૂમાં લેવાના ફાયરબ્રિગેડના પ્રયાસ કરી રહ્યું છે. આગ એટલી ભીષણ છે કે 22 ફાયર ફાયટર ઘટના સ્થળે પહોચ્યા હતા.. ફાયર બ્રિગેડ દ્વારા મળેલી માહિતી અનુસાર વહેલી સવારે

લાગેલી આગને કારણે મુશ્કેલી સર્જાઇ હતી.. હાલમાં ફાયર્બ્રિગેડ આગને કાબૂમાં લેવાના પર્યાસ કરી રહ્યું છે. રહેણાંક વિસ્તારમાં આગ ન ફેલાય અને કોઇ જનહાની ન થાય તે માટે આસપાસનો વિસ્તાર ખાલી કરી દેવાયો હતો..

## District- World Blood Donor Day

દર વર્ષે ૧૪ જૂન એટલે કે આજના દિવસે વિશ્વ રક્તદાતા દિવસ ઉજ્વવામાં આવે છે, આજે રાજ્યના કેટલાક જીલ્લામાં  વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

ડાંગ જિલ્લા 'વિશ્વ રક્તદાતા દિવસ' નિમિત્તે ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, આહવા તેમજ સિવિલ હોસ્પિટલ, આહવાના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું હતુ.

સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આજે "વિશ્વ રક્તદાતા દિવસ" નિમિત્તે જિલ્લા કલેકટર કે.સી.સંપટ, જિલ્લા વિકાસ અધિકારી રાજેશ તન્ના અને અન્ય મહાનુભાવોની  ઉપસ્થિતિમાં વહીવટી તંત્રના કર્મયોગીઓએ રક્તદાન કરવા અને લોકોને રક્તદાન અંગે જાગૃત કરવા અંગે શપથ ગ્રહણ કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, લોકોને રક્ત આપીને નવું જીવનદાન કરતા રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા અને તેમનું મહત્ત્વ વધારવા માટે આ દિવસ ઉજ્વવામાં આવે છે.

## Bhavnagar Railway division

પશ્ચિમ રેલવેના ભાવનગર રેલવે ડિવિઝન ખાતે આજે ડિવિઝનલ રેલવે મેનેજર રવીશ કુમારની અધ્યક્ષતામાં "65મી પેન્શન અદાલત"નું આયોજન કરવામાં આવ્યું હતું.  રેલવેના સેવાનિવૃત્ત કર્મચારીઓની પેન્શન સંબંધિત સમસ્યાઓ જેમ કે પેન્શન પેમેન્ટ ઓર્ડર (PPO), ફિક્સ્ડ મેડિકલ એલાઉન્સ, ગ્રુપ ઈન્સ્યોરન્સ વગેરે કેસોથી સંબંધિત બ્રોડગેજ વર્કશોપના 13 કેસો અને મંડળીય કચેરીના 162 કેસ સહિત કુલ 175 કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો.

## VAHAN VYAVHAR NOTIFICATION

પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની કચેરી, અમદાવાદની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ દ્વારા નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે.

આ નોટિફિકેશન મુજબ જે આરટીઓ કે એઆરટીઓના કાર્યક્ષેત્રમાં ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન કાર્યરત હોય તે આરટીઓ કે એઆરટીઓના કાર્યક્ષેત્રમાં તમામ પ્રકારનાં કમર્શિયલ અને ટ્રાન્સપોર્ટ વાહનો જેમાં M, N કેટેગરી સાથે T કેટેગરીઅને કન્સ્ટ્રકશન ઈક્વિપમેન્ટના ફિટનેસ રિન્યુઅલની અરજી ફરજિયાતપણે તા.૧૨મી જૂનથી ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન ખાતે જ કરવાની રહેશે.

હાલમાં કાર્યરત ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશનની માહિતી NICના AFMS Portal પર ઉપલબ્ધ છે, તમામ વાહન માલિકોને આ બાબતની નોંધ લેવા વાહન વ્યવહાર વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## KARGIL BIKE YATRA

ઐતિહાસિક શહેર દ્વારકાથી રવાના કરવામાં આવેલ બાઈક રેલી અમદાવાદ આર્મી કેમ્પમાં આવી પહોંચી હતી.

જ્યાં અમદાવાદ આર્મી કેમ્પના જનરલ ઓફિસર કમાન્ડિંગ મેજર જનરલ શમશેરસિંઘ વિર્ક, બ્રિગેડિયર યોગેન્દ્ર ચૌધરી આર્ટિલરી દ્વારા તેઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કારગિલ સમયે યુદ્ધમાં વીરગતિ પામેલ સૈનિકોનાં વીરનારીઓ અને વીરમાતાઓનું સમ્માન કરવામાં આવ્યું હતું.

## AMRELI SCHOOL

ઉનાળાના વેકેશન બાદ નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. ત્યારે અમરેલી જિલ્લામાં પણ  સરકારી અને ખાનગી શાળાઓ શરૂ થઇ ગઇ છે.

અમરેલી જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવામાં આવી છે. અનેક ખાનગી શાળાઓએ શાળા પ્રવેશઉત્સવ મનાવ્યો હતો. વિદ્યાર્થીઓને કુમ કુમ તિલક

સાથે શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. જેથી વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.